| | | | | | |
|---|---|---|---|---|---|
| GJVD020136372020 | सत्यमेव जयते | પ્રાપ્તિ તારીખ | ૧૬/૦૪/૨૦૨૧ | | |
| | | દાખલ તારીખ | ૧૬/૦૪/૨૦૨૧ | | |
| | | ફૈંસલ તારીખ | ૧૫/૦૭/૨૦૨૫ | | |
| | | સમયગાળો | દિવસ | માસ | વર્ષ |
| | | | ૧૫ | ૦૨ | ૦૪ |

ક્રિમીનલ કેસ નં. ૧૫૮૭/૨૦૨૧
આંક:–

## FORM – A

| | |
|---|---|
| **મહે. ગાંધીનગરનાં ત્રીજા એડી.સીવીલ જજ અને જે.એમ.એફ.સી.(એફ.એન.સોલંકી) સાહેબશ્રીની કોર્ટમાં, ગાંધીનગર** | |
| જજમેન્ટ તારીખ | ૧૫/૦૭/૨૦૨૫ |
| ફોજદારી કેસ નંબર | ૧૫૮૭/૨૦૨૧ |
| ગુના રજીસ્ટર નંબર | ખાનગી ફરીયાદ |
| ફરીયાદી | પ્રજાપતિ વિશાલ કાંતિલાલજી, ધંધો–વેપાર, રહેવાસી :–ઈ–૨૦૩, ઓમ રેસીડેન્સી, અડાલજ, ગાંધીનગર. |
| ચભ.ચભકભદતભમ ખથ | વિ.વ.શ્રી કે.ડી. સોલંકી |
| આરોપી | મસરુરઅલી નીયાઝઅલી મુસલમાન, ધંધો–વેપાર, ઠેકાણું –મહોલ્લોનો વાસ, શીવગંજ, તાલુકા–શિવગંજ, જીલ્લો–શિરોહી, રાજસ્થાન. |
| ચભ.ચભકભદતભમ ખથ | વિ.વ.શ્રી એમ.કે.હિંગોલા |

## FORM – B

| | |
|---|---|
| ગુનાની તારીખ | પ્રાઈવેટ કંમ્પલેઈન |
| એફઈઆઈઈઆરઈની તારીખ | પ્રાઈવેટ કંમ્પલેઈન |
| તારીખ કે જેના પર ચુકાદો અનામત છેઈ | ૦૬/૦૬/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખલ જો હોય તોઈ | ૧૫/૦૭/૨૦૨૫ |

## આરોપીની માહીતી

| આરોપી નો રેન્ક | આરોપી/ આરોપીઓનું નામ | ધરપકડની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ચાર્ઝફ્રેમ કર્યા મુજબની કલમ | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | કલમ ૪૨૮ સીઆરપીસી ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતોનોસ મયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **મસરુરઅલી નીયાઝઅલી મુસલમાન** | ૦૦૦૦ | ૦૦૦૦ | **ધી એન.આઇ. એકટની કલમ–૧૩૮** | દોષીત | **હા, આખરી હુકમ મુજબ** | |

## FORM – C

**A.ફરીયાદ પક્ષ ના સાક્ષીઓની યાદી**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, તબીબ સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|
| ૧ | **પ્રજાપતિ વિશાલ કાંતિલાલજી** | ફરીયાદી |

**B. ફરીયાદ પક્ષ ના દસ્તાવેજો ના આંકની સુચી**

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૪ | **ફરીયાદી પ્રજાપતિ વિશાલ કાંતિલાલજીની જુબાની** |
| ૨ | ૦૬ | **તહોમતદારે કરી આપેલ ઈકરારનામું** |
| ૩ | ૦૭ | **એકસીસ બેંક લી. સુમેરપુર રાજસ્થાન શાખાનો ચેક નં. ૦૪૩૫૫૯ વાળો અસલ ચેક** |
| ૪ | ૦૮ | **ક્રમ નં.૨ વાળા ચેકનો અસલ રીટર્ન મેમો** |
| ૫ | ૦૯ | **એકસીસ બેંક લી. સુમેરપુર રાજસ્થાન શાખાનો ચેક નં.૦૪૩૫૬૦ વાળો અસલ ચેક** |
| ૬ | ૧૦ | **ક્રમ નં.૪ વાળા ચેકનો અસલ રીટર્ન મેમો** |
| ૭ | ૧૧ | **તહોમતદારને રજી.એ.ડી. પોસ્ટથી મોકલેલ નોટીસની ઓફીસ કોપી** |
| ૮ | ૧૨ | **અસલ રજી. એ.ડી.પોસ્ટ ખાતાની સ્લીપ** |
| ૯ | ૧૩ | **ટ્રેક રીપોર્ટ** |

**C.આરોપીપક્ષના સાક્ષીઓની યાદી**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, તબીબ સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|
| ૧ | **શાહરુખખાન જામીનખાન** | સાક્ષી |

| | | |
|---|---|---|
| | | |

**D. આરોપીપક્ષ ના દસ્તાવેજો આંકની સુચી**

આરોપી પક્ષ તરફે કોઈ દસ્તાવેજો રજુ કરેલ નથી.

**::– ઠરાવ –::**

(૧) ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ (જેને હવે પછીથી ટુંકમા "ધી ને.ઈ.એકટ" એ રીતે ઉલ્લેખ કરેલ છે) ની કલમ ૧૩૮ અન્વયે દાખલ કરેલી છે.ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ફરીયાદમા જણાવેલ સરનામે રહે છે.આરોપી અને ફરીયાદી એકબીજાના મિત્ર થતા હોઈ એકબીજાને સારી રીતે ઓળખે છે. આરોપી " રોયલ વિડિયો વિઝન" ના નામથી શિવગંજમાં ધંધો કરે છે. અને આ કામના તહોમતદાર ને તેઓના ધંધાના વિકાસ અર્થે રૂ.૫,૬૦,૦૦૦/– (અંકે રૂપિયાપાંચ લાખ સાઈઠ હજાર પુરા)ની જરૂરીયાત ઉપસ્થિત થતા આ કામના તહોમતદારે ફરીયાદી પાસે મિત્રતાના નાતે રૂ. ૫,૬૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ સાઈઠ હજાર પુરા) હાથ ઉછીના ની માંગણી કરેલી અને સદર રકમ આ કામના તહોમતદાર તા. ૩૦/૦૧/૨૦૨૧ સુધીમા ચુકવી આપશે તેવો વિશ્વાસ અને ભરોસો આપતા ફરીયાદી એ આ કામના તહોમતદારની માંગણી મુજબ ગઈ તા. ૨૩/૧૨/૨૦૨૦ ના રોજ રૂ. ૫,૬૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ સાઈઠ હજાર પુરા) રોકડા આપેલા અને તે બાબતે આ કામના તહોમતદારે રૂ.૫૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર એક ઈકરારનામુ કરી આપેલુ જેની નોંધણી નોટરીશ્રી ગીતા કનવર રાવ ના રજીસ્ટરે સીરીયલ નં. ૧૪૧ ૫/૨૦૨૦ થી નોંધણી કરી આપેલ અને સદર ઈકરારનામા મુજબ આ કામના તહોમતદારે ફરીયાદી પાસેથી તા.૨૩/૧૨/૨૦૨૦ ના રોજ હાથઉછીની મેળવેલ રકમ રૂ. ૫,૬૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ સાઈઠ હજાર પુરા) આ કામના તહોમતદારે ફરીયાદીને તા. ૩૦/૦૧/૨૦૨૧ સુધીમાં ચુકવી આપવાની છે અને જો સદર રકમ આ કામના તહોમતદાર ફરીયાદીને ના ચુકવી આપે તો તેની ચુકવણી માટે આ કામના તહોમતદારે ફરીયાદીને નીચે વિગત વર્ણન વાળા કુલ્લે બે ચેકો આપેલા અને સદર ચેકો તા.૩૦/૦૧/૨૦૨૧ પછી ફરીયાદીને તેઓની બેંકમાં ડીપોઝીટ કરવાની સુચના આપેલી અને સદર ચેકો ડીપોઝીટ કરાવ્યેથી ફરીયાદીની કાયદેસરની લેણી રકમ તેઓને ચોકકસ પણે મળી જશે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલો.

| ક્રમ | બેંકનું નામ અને શાખા | તારીખ | ચેક નંબર | રકમ (રૂ.) |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | એકસીસ બેંક લી. સુમેરપુર રાજસ્થાન | ૩૦/૦૧/૨૦૨૧ | ૦૪૩૫૫૯ | ૨,૮૦,૦૦૦/– |
| ૨ | એકસીસ બેંક લી. સુમેરપુર રાજસ્થાન | ૩૦/૦૧/૨૦૨૧ | ૦૪૩૫૬૦ | ૨,૮૦,૦૦૦/– |
| | | | કુલ | રૂ.૫,૬૦,૦૦૦/– |

આ કામના તહોમતદારે આપેલ સુચના મુજબ ઉપરોકત વિગત વર્ણન વાળો ચેક ફરીયાદીએ તેઓની ખાતાવાળી બેંક, બેંક ઓફ ઈન્ડિયા, ચાંદખેડા શાખા અમદાવાદ માં ડિપોઝીટ કરાવતાં સદર ચેકો તા. ૦૮ /૦૨ /૨૦૨૧ ના રોજ " ફંડસ ઈનસફીશીયન્ટ" શેરાથી રીટર્ન આવેલ છે.જે બાબતની જાણ ફરીયાદીની બેંકે અસલ ચેકો તથા રીટર્ન મેમો આપી તા.૦૮/૦૨/૨૦૨૧ ના રોજ ફરીયાદીને કરેલ. આ કામ ના તહોમતદારે ફરીયાદીની કાયદેસરની લેણી રકમની ચુકવણીના માટે આપેલ ઉપરોકત ચેકો રીટર્ન થતાં ફરીયાદીએ તેઓના વકીલશ્રી સંજય એન. ગોંડલીયાનાઓ મારફતે આ કામના તહોમતદારના ફરીયાદના મથાળે જણાવેલ સાચા અને ખરા સરનામે તા.૨૪/૦૨/૨૦૨૧ ના રોજ રજી.એ.ડી. પોસ્ટથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮(બી) મુજબની નોટીસ સમય મર્યાદામાં મોકલાવેલ. ફરીયાદીએ તેઓના વકીલ મારફતે આ કામના તહોમતદારને ફરીયાદના મથાળે જણાવેલ સાચા અને ખરા સરનામે નોટીસ મોકલેલ હોવા છતાં તહોમતદારે જાણી જોઈને " ડોર લોક" ના શેરાથી તા. ૦૬/૦૩/ ૨૦૨૧ ના રોજ વગર બજે બરત આવેલ છે. આમ આ નોટીસ આરોપીએ જાણી જોઈને રીસીવ કરેલ નથી.આ કામ ના તહોમતદારે ફરીયાદીની કાયદેસરની લેણી રકમની ચુકવણી માટે ફરીયાદમાં જણાવ્યા મુજબના ચેકો આપી અને તે ચેકો બેંકમાં ડિપોઝીટ કરાવ્યેથી ચોકકસ સ્વીકારાઇ જશે અને તહોમતદારે આપેલ ચેકોમાં જણાવેલ રકમ પુરતુ બેલેન્સ તેઓના ખાતામાં રાખવા બંધાયેલ હોવા છતા તહોમતદારે સદર ચેકોમાં જણાવેલ રકમ પુરતુ બેલેન્સ તેઓ ના ખાતામાં ન રાખી ઉપરોકત વિગત વર્ણન વાળા ચેકો " ફંડસ ઈનસફીશીયન્ટ" ના શેરાથી રીટર્ન કરાવી અને ફરીયાદીએ તહોમતદારને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની જોગવાઇ મુજબ કાયદેસરની નોટીસ મોકલાવેલ અને તે નોટીસ વગર બજે પરત આવેલ હોઇ આ કામના તહોમતદારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોઇ જેથી આ કામના તહોમતદાર વિરુધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની

ફરીયાદ દાખલ કરવાનું કારણ આપ નામદાર કોર્ટની સ્થાનિક હકુમતમાં ઉત્પન્ન થયેલ છે. અને સદર ફરીયાદ આ નામદાર કોર્ટમાં સમય મર્યાદામાં દાખલ કરેલ છે. આમ, ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરી અરજ ગુજારેલ છે કે, ઉપરોકત સંજોગો અને કારણોને ધ્યાને લઈ તેમજ આ સાથે રજુ કરેલ દસ્તાવેજોને ધ્યાને લઈને સદર આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ સમન્સ કાઢ ીને પકડી મંગાવી સદર આરોપી સામે કેસ ચલાવીને સદર આરોપીને સખ્તમાં સખ્ત નશ્યત કરવા તથા વધુમાં સદર ફરીયાદીને ચેકમાં જણાવેલ રકમ કરતા બમણી રકમનું વળતર અપાવાનો હુકમ કરવા તથા ન્યાયને લગતી હર કોઈ દાદ અપાવવા અરજ ગુજારેલી છે.

(૨) ત્યારબાદ ફરીયાદીની સદર ફરીયાદ રજીસ્ટરે દાખલ કરી આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો છે, જે સમન્સ આરોપીને બજી જતાં આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને ફરીયાદની નકલ તથા દસ્તાવેજીપુરાવાઓ પુરા પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીની આંક–૨૭ થી નિવેદન લેવામા આવતાં આરોપીએ તેઓની સામેના આક્ષેપિત ગુન્હાનો ઈન્કાર કરતાં સદરહું કેસ ફરીયાદપક્ષના પુરાવાના તબકકે મુકરર કરી આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલા છે.

**<u>ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો</u>**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૪ | ફરીયાદી પ્રજાપતિ વિશાલ કાંતિલાલજી |

**<u>ફરીયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો</u>**

J.M.F.C., 3rd court, GANDHINAGAR

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૪ | ફરીયાદી પ્રજાપતિ વિશાલ કાંતિલાલજીની જુબાની |
| ૨ | ૦૬ | તહોમતદારે કરી આપેલ ઈકરારનામું |
| ૩ | ૦૭ | એકસીસ બેંક લી. સુમેરપુર રાજસ્થાન શાખાનો ચેક નં. ૦૪૩૫૫૯ વાળો અસલ ચેક |
| ૪ | ૦૮ | ક્રમ નં.૨ વાળા ચેકનો અસલ રીટર્ન મેમો |
| ૫ | ૦૯ | એકસીસ બેંક લી. સુમેરપુર રાજસ્થાન શાખાનો ચેક નં.૦૪૩૫૬૦ વાળો અસલ ચેક |
| ૬ | ૧૦ | ક્રમ નં.૪ વાળા ચેકનો અસલ રીટર્ન મેમો |
| ૭ | ૧૧ | તહોમતદારને રજી.એ.ડી. પોસ્ટથી મોકલેલ નોટીસની ઓફીસ કોપી |
| ૮ | ૧૨ | અસલ રજી. એ.ડી.પોસ્ટ ખાતાની સ્લીપ |
| ૯ | ૧૩ | ટ્રેક રીપોર્ટ |

**(૪)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફ વધુ કોઈ પુરાવો રજુ કરવો ન હોય તે મલતબની કલોઝીંગ પુરશીશ આંક–૪૦ થી રજુ કરેલ છે.

**(૫)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ વધારાનું નિવેદનરેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે " ફરીયાદીએ સદર વ્યવહાર આઈ.ટી. રીર્ટનની બેલેન્સ શીટમાં ઉધાર આપ્યા હોય તેવુ બતાવેલ નથી.સદર વ્યવહાર બાબત નુ કોઈ બેંક સ્ટેટમેન્ટ રજુ કરેલ નથી. ફરીયાદી ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે સદર વ્યવહારના પુરેપુરા પૈસા તેઓના ન હોતા સદર ચેક ફરીયાદીને તેના મિત્રએ આપેલો એટલે કે આરોપી પાસેથી ચેક મેળવેલ નથી ફરીયાદી ગુજરાત નાણા ધીરનારનું લાયસન્સ ધરાવતા નથી.આરોપીને કોઈ નોટીસ બજેલ નથી આરોપી તદન નિર્દોષ અને બેગુનાહ વ્યકિત છીએ ફરીયાદી સાથે કરી તે ખબર નથી તેમની આવક પણ ખૂબ જ ઓછી છે. આરોપીને ફરીયાદી પાસે કોઈ લેતી દેતી નો વ્યવહાર થયેલ નથી છતા ખોટી રીતે આર્થિક લાભ મેળવવા તેઓના ચેકનો દુરઉપયોગ કરી તે ફરીયાદ કરેલ છે. જેથી ન્યાયના વિશાળ હિતમાં તેઓને નિર્દોષ છોડી મુકવા હુકમ કરવા મે. કરશોજી.

(૬) ફરીયાદ પક્ષે વિધ્વાન વકીલશ્રી કે.ડી. સોલંકીનાઓએ આંક–૫૪ થી લેખીત દલીલ રજુ કરેલ હોય, લંબાણ અટકાવવા અહી ફરીથી તેનો ઉલ્લેખ કરેલ નથી જે આ ફરીયાદ ના ન્યાયનીર્ણય માટે વંચાણે લેવામા આવેલ છે.આ રેકર્ડ પરની દલીલતથા ફરીયાદની હકીકતો ધ્યાને લઈ કાયદા માન્ય તમામ દાદ અપાવવા ફરીયાદીએ અરજ કરેલ છે.

**(૭)** આ કામે આરોપી પક્ષે વિધ્વાન વકીલશ્રી એમ.કે.હિંગોલા એ પોતાની લેખીત દલીલ આંક – ૫૬ થી રજુ કરેલ છે જે અહી આ અરજીના ન્યાય નીર્ણય માટે માનસહ વંચાણે લેવામા આવેલ છે.

**(૮)** આ કેસમાં તેઓના નિર્ણય અને નિકાલ અર્થે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**:મુદાઓઃ**

**(૧)** શું ફરીયાદપક્ષ સાબિત કરે છે કે, આ કામના આરોપીએ કાયદેસરના બાકી લેણી રકમ કુલ ૫,૬૦,૦૦૦ ના પેટે રૂ.૨,૮૦,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ એંશી હજાર પુરા) ના બે ચેક આપેલ. જે બંને ચેક ફરીયાદી એ પોતાની બેંકમાં રજુ કરતાં વણચુકવ્યું પરત થતાં, ફરીયાદીએ સમય મર્યાદામાં તહોમતદાર ને ડીમાન્ડ નોટીસ મોકલેલ હોવા છતાં તહોમતદાર ફરીયાદીને ચેક ની રકમ નહીં ચુકવીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબની શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

**(૨)** શું હુકમ?

**(૯)** ઉપરોકત મુદાઓ પરત્વે તેઓના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**(૧૦)** ઉપરોકત નિર્ણયો પરત્વે તેઓના કારણો નીચે મુજબ છે.

**::– કારણો – ::–**

**(૧૧)** **<u>મુદા નં. ૧</u> :–**

સદર કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલા કાયદાકી જોગવાઈ ધયાને લેવી આવશ્યક છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ – ૧૩૮ ની જોગવાઈ ધયાને લેવી આવશ્યક છે. જેના તત્વો નીચે મુજબ છે.

**<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો :–</u>**

૧: આરોપીએ તેમના દવારા લખવામાં આવેલ ખાતામાંથી ફરીયાદીને નાણા ચૂકવવા ચેક આપેલ.

૨: આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશતઃ દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩ : ચેક જે તારીખે લખ્યો તે તારીખથી ત્રણ માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પીરીયડ બંનેમાંથી જે વહેલા તે સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ છે.

૪ : તે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ છે.

૫ : ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ નાણાની માંગણી લેખિતમાં કરેલ હતી.

૬ : તેઓને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણા સમય મર્યાદામાં ચૂકવી આપેલ નથી.

**(૧૨)** ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે,જેમાં પ્રથમ અનુમાન કલમ–૧૧૮ અન્વયે તથા બીજુ અનુમાન કલમ–૧૧૯ અન્વયે કરવાનું રહેશે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ ધ્યાને લઈએ તો :–

**<u>કલમ–૧૧૮–વટાઉખત વિશે માની લેવાની બાબત....</u>** એથી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

**ક :** દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું અને આવા દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય તો તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોત તે વટાવવામાં આવ્યુ હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતુ.

**<u>ખ : તારીખ વિશે :–</u>**જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતુ.

**<u>ગ : સ્વીકારવાના સમય વિશે :–</u>**સ્વીકારાયેલુ દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતું.

**<u>ઘ : તબદીલના સમય વિશે :–</u>** કોઈ વટાઉખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

**<u>ચ : શેરાઓના ક્રમ વિશે :–</u>**ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

**<u>જ : ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે :–</u>**કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વિકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમે ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

**<u>કલમ–૧૩૯ – ચેક ના ધારણકર્તાની તરફેણમાં અનુમાન :–</u>**

વિરૂઘ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૯ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો પરંતુ આ અનુમાન કરીને તે ચેક દેવા પરત્વેનો ન હતો તે સાબીત કરવાની જવાબદારી ચેક આપનાર ઉપર છે.

**(૧૩)** આમ, જયારે ફરીયાદી ધ્વારા ઉપરોકત તમામ મુદ્દાઓ પુરવાર કરવામાં આવે ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમઃ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ અનુસાર ફરીયાદીની તરફેણમાં અનુમાનો કરી શકાય તેવી જોગવાઈ છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમઃ

૧૧૮(એ) ની જોગવાઈ અનુસાર જયાં સુધી વિરુધ્ધનુ સાબિત ના થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આપ્યાનુ માની લેવામા આવશે. તે જ રીતે ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમઃ–૧૩૯ ની જોગવાઈ અનુસાર વિરુધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે, ચેકના ધારણકર્તાએ તે ચેક કલમ–૧૩૮ની જોગવાઈ અનુસાર તેમના કાયદેસરના દેવા અથવા જવાબદારીની અંશતઃ અથવા પુર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોકત બંને કલમ હેઠળ ફરીયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે. પરંતુ બંને જોગવાઈમાં "વિરુધ્ધનુ સાબિત ના થાય તો" તેવા શબ્દોપ્રયોજવામાં આવેલ છે. જે માટે ફરીયાદીએ પાયાગત હકીકતો (ફાઉન્ડેશનલ ફેકટસ) પુરવાર કરવા પડે. જો ફરીયાદી તેમ કરવામાં સફળ થાય તો ઉપરોકત અનુમાનો ફરીયાદીની તરફેણમાં કરવા પડે.

આ બંને અનુમાનો ખંડિત થઈ શકે તે પ્રકારેના અનુમાનો છે. આવા અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે. જે માટે આરોપીએ અનુમાનોનુ ખંડન થઈ શકે તેટલો ચુસ્ત, વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર, માનવાપાત્ર તથા પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો રેકર્ડ પર લાવી અનુમાનોનું ખંડન કરવાનું રહે છે. જે માટે આરોપીએ પોતાનો મૌખિક કે દસ્તાવેજી પુરાવો આપવો જરૂરી નથી. આરોપી રેકર્ડ પરના પુરાવા ઉપરથી પણ અનુમાનોનું ખંડન કરી શકે છે.

**(૧૪)** આમ, જયારે ચેક ફરીયાદીને અપાયેલ હોય ત્યારે તેમની તરફેણમા પ્રાથમીક અનુમાનો હોય છે. આ હેતુસર મંગુભાઈ મનસુખભાઈ પંડયા વી.સ્ટેટ ઓફ ગુજરાત ના (૧૯૯૨(૨) જી એલ એચ પાના નં.૬૫) ના કેસમા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઠરાવવામા આવેલ છે કે, Section–118 of the N.I.Act raises a statutory presumption that,

– There was consideration for every negotiable instrument. This presumption continues until it is rebutted.

– Onus of proof that there was no consideration is on the defendant.

- Initial burden lies on the plaintiff to prove execution of the pronate. But once the burden discharged court has to raise the statutory presumption.

**એ જ રીતે નામદાર સુપ્રિમ કોર્ટે ભારત બેરલ અને ડ્રમ મેન્યુ. કંપની લીમી. વી. અમીન ચંદ પ્યારેલાલ(૧૯૯૯(૩) એસ સી સી ૩૫) ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે,** The Bare denial of the passing of the consideration apparently does not appear to be any defence. Something which is probable has to be brought on record for getting benefit the onus of proving to the plaintiff. To disprove the presumption, the defendant has to bring of record such facts and circumstances upon consideration of which the court may believe that the consideration does not exist or its non– existence was so probable that a prudent man would, under the circumstances of the case, act upon the plea it did not exist." **એજ રીતે અન્ય એક નામદાર સુપ્રિમ કોર્ટ ના કે એસ બીના વી.મુનીયાપ્પન ના કેસમા પણ નામદાર કોર્ટે પ્રસ્થાપીત કરતા જણાવેલ છેકે એક વાર ચેક ઈસ્યુ કરાયેલ હોય તયારે માત્ર આ ચેક કોઈ લેણી માટે ઈસ્યુ કરાયેલ નથી તેવી ઈન્કારી પુરતી નથી અને એ હકીકત સાબીત કરવાની જવાબદારી આરોપી પક્ષની છે,** Burden of proving that cheque had not been issued for any debt or liability is on the accused. Denial averments in reply by accused are not sufficient to shift burden of proof on to the complainant. Accused has to prove in trial by leading cogent evidence that there was no debt or liability. Further held that, setting a side of conviction on basis of some formal evidence led by accused is not proper.

(૧૫) આ કામે પક્ષકારો તરફથી રજુ થયેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં , આરોપીપક્ષે ફરીયાદીની કરવામાં આવેલ લંબાણપુર્વકની ઉલટ તપાસ ધ્યાને લેતાં તથા તેમા ઉઠાવેલ બચાવો ચકાસ્યા બાદ આરોપીપક્ષે કલમ–૧૩૯ ના કાયદાકીય અનુમાનનું ખંડન કરતો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ તે સંદર્ભે સૌપ્રથમ જોવામાં આવે તો, આંક–૦૭ થી અને આંક–૦૯ વાળા તકરારી ચેકમાં આરોપીએ પોતાની સહી બાબતે કોઈ જ  વાજબી તકરાર લીધેલ ના હોય, તે રીતે આ સહી સ્વીકારેલ છે અને જયારે આરોપી ચેકમાં પોતાની સહી સ્વીકારતા હોય તેવા સંજોગોમાં નામદાર સુપ્રિમ કોર્ટના રંગપ્પા વી. શ્રી મોહન ના ચુકાદા મુજબ ચેકના યથાનુક્રમના ધારક – હોલ્ડર ઈન ડયુ કોર્ષની તરફેણમાં અદાલતે પ્રાથમીક અનુમાન કરવાનું હોય છે. જેથી પ્રાથમિક તબકકે ફરીયાદવાળો ચેક આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણાની જવાબદારી સ્વીકારી ઈસ્યુ કરેલ હોવાનું અનુમાન આ અદાલતે કરેલ છે. અને તે વિગતે રેકર્ડ પર આવેલ પુરાવાનું અર્થઘટન કરેલ છે કે શું આરોપી ખરેખર પુરવાર કરે છે કે, કાયદેસરનું લેણું ન હોવા છતાં ફરીયાદીએ આરોપીના ચેકનો દુરઉપયોગ કરી હાલની ખોટી ફરીયાદ આરોપી સામે દાખલ કરેલ છે.આ કામે આરોપી પક્ષે સાહેદ ચકાસવા મા આવેલ છે. એ સીવાય તેમના  તરફે કોઈ વીશેષ પુરાવો રજુ થયેલ નથી. આ કામે આરોપીએ પોતાની વીસ્તૃત ઉલટતપાસ થકી નીચે મુજબના બચાવો ઉઠાવેલ છે જે ની ચર્ચા અહી એક સાથે કરવામા આવેલ છે.

(૧૬) સદરહુ કેસમાં આંક –૪ થી ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૪૫ માં જણાવેલ જોગવાઈ અન્વયે સોગંદનામાના સ્વરૂપમાં ફરીયાદ ફરીયાદીનો મૌખિક પુરાવો રજુ કરેલ છે. આંક–૪ નો ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા તેમા તેમણે મોટાભાગની પોતાની ફરીયાદ હકીકતોનુ પુનરાવર્તન કરેલ હોય તેનુ અહી ફરીથી પુનરોચ્ચાર કરેલ નથી. આ કામે તેમની ઉલટતપાસ દરમ્યાન એ વાત કબુલ રાખેલ છે કે, તેઓ ધોરણ દશ સુધી ભણેલ છે. તેઓ એર કન્ડીસન રીપેરીંગનુ કામ કરે છે. તેઓ લાયસન્સ ધરાવતો નથી છુટક કામ કરે છે. તેઓ માસીક પાત્રીસ હજાર જેટલુ કમાઉ છે. તેઓ આશરે વીસેક હજાર જેટલો માસીક ખર્ચ છે. એ વાત

કબૂલ રાખેલ નથી કે તેઓનો પરિવાર તેઓના ઉપર ડીપેન્ડ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બધા ભેગા રહીએ છીએ. તેઓને સાત મહીનાનુ બાળક છે. આરોપી તેઓના મિત્રનો મિત્ર હોવાથી ઓળખે છે. આરોપી સાથે કોરના પછી સને ૨૦૨૧ પછી ગાંધીનગર ખાતે મુલાકાત થયેલી. આરોપીને પૈસાની જરૂર હોવાથી તેઓના મિત્રની સાથે આવેલા. આરોપી સાથે આજદિન સુધી ચાર થી પાંચ વખત મુલાકાત થયેલી છે. એ વાત કબૂલ રાખેલ નથી કે તેઓના મિત્ર જે ને પણ તેઓની પાસે લઈ અને આવે તેને પૈસાની જરૂર હોય તો તેઓ પૈસા આપે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આરોપીને પૈસા આપેલા. એ વાત કબૂલ રાખેલ છે કે, આરોપીને તેઓના મિત્ર દિનેશભાઈ માલીની હાજરીમાં પૈસા આપેલા આરોપીને કેમેરાના ધંધાના કામે પૈસાની જરૂરીયાત હતી આરોપીને પૈસા રોકડમાં પાલનપુરની આસપાસ આપેલા અને આરોપીને પૈસા પાલનપુરમા આપેલાનુ તેઓની ફરીયાદમાં જણાવેલ નથી. પૈસા બેંકમાંથી ઉપાડીને આપેલા ન હતા અને આરોપીને આપેલા પૈસા પુરેપુરા તેઓના ન હતા. આરોપીને પૈસા ટુકડે ટુકડે આપેલા તેની તારીખો તેઓને યાદ નથી.

તેઓ નાણા ધીરધારનુ લાયસન્સ ધરાવતા નથી તેઓ ઈન્કમટેક્ષ રીટર્ન છેલ્લા પાંચેકવર્ષથી ભરે છે. રૂપિયા વીસ હજારથી વધુની રકમનો વ્યવહાર રોકડમા ન થાય તેની તેઓને જાણ નથી. એ વાત કબૂલ રાખેલ નથી કે કુટુબના સભ્યને ત્રણલાખથી વધારે રકમ રોકડ કે ચેકથી ન આપી શકાય તેઓને ઈન્કમટેક્ષની પેનેલ્ટી થયેલ નથી કે એકયવાર ભરેલ નથી તેઓ ઈન્કમટેક્ષના રીટર્ન સી.એ.પાસે ભરાવે છે. એ વાત કબૂલ રાખેલ છે કે, તેઓ જે દસ્તાવેજી પુરાવા આપે તે પ્રમાણે સી.એ.બેલેન્સશીટ બનાવે છે. અને આરોપીને ઉધાર આપેલા નાણા બેલેન્સશીટ મા જણાવેલ નથી.

એ વાત કબૂલ રાખેલ નથી કે આરોપી ને પાંચ લાખ સાઈઠ હજાર રૂપિયા આપેલા નથી જેથી બેલ ેન્સશીટમાં જણાવેલ નથી અને આરોપી મિત્ર થતા હોય તેમના દસ્તાવેજો તેઓને સાચવવા માટે આપેલા એ વાત તેઓને હાલ યાદ નથી કે આરોપીએ કંઇ શાખાના, કંઈ તારીખના કયા નંબરોના ચેક આપેલા અને ચેકમાં એકાઉન્ટ વિગત વિગેરે તેઓએ જાતે જ ભરેલુ આરોપીનો ચેક તેઓને તેઓના મિત્રએ આપેલો. અને આરોપીનો ચેક તેઓની પાસે આવતા તેઓની દાનત બગડતા આરોપીને જાણ કર્યા વગર ચેક ખાતામાં નાખેલો આ ચેક કંઈ તારીખે વટાવવા ગયેલ તે તેઓને હાલ યાદ નથી. એ વાત કબૂલ રાખેલ છે કે, ચેક બેંકમા નાખવા ગયેલાની જાણ

આરોપીને લેખિતમાં કરેલ નથી આ ચેક કઇ તારીખે અને કયા શેરા સાથે બેંકમાંથી પરત ફરેલ તે તેઓને હાલ યાદ નથી. અને ચેક બેંકમાંથી પરત ફરેલાની જાણ આરોપીને તેઓએ લેખિતમાં કરેલ નથી.

તેઓ જે વ્યવહાર થયેલ તે વર્ષના બેંક સ્ટેટમેન્ટ નામ.કોર્ટમાં રજુ કરવા સમત છે. આરોપીએ નાણા પંદર દિવસમા પરત આપવાનો વાયદો કરેલો એ વાત કબૂલ રાખેલ છે કે, નોટીસ તેઓના વકીલશ્રીએ તૈયાર કરેલી નોટીસ કઇ તારીખે તૈયાર કરેલ તે હાલ તેઓને યાદ નથી. એ વાત કબૂલ રાખેલ નથી કે, તેઓએ નોટીસ વાંચી નથી કે જોયેલ નથી તેઓના વકીલશ્રીએ નોટીસ બારોબાર મોકલી દીધેલી. અને તેઓએ નોટીસમા સહી કરેલ નથી. અને નોટીસ આરોપીના સરનામે બજેલ નથી નોટીસ કઇ તારીખે બજેલ તે તારીખ તેઓને હાલ યાદ નથી. અને આરોપી સાથે મનભેદ ઉભુ થતા સાચવવા આપેલ ચેકનો ખોટી રીતે દુરઉપયોગ કરી ફરીયાદ ઉભી કરી ખોટો કેસ કરેલ છે. એ વાત કબૂલ રાખેલ નથી કે આરોપી પાસે તેઓને કોઇ લેણુ કે માંગણુ નીકળતુ નથી.

એ વાત કબૂલ રાખેલ નથી કે, આરોપી સાથે તેઓને કોઇ લેખીતમાં કરાર થયેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પૈસા આપ્યાનો લેખિત મા કરાર છે. અને તેઓએ જાતે ખોટો કરાર ઉભો કરેલ છે. અને પુરાતા પુરાવા ન હોવા છતાં ખોટો કેસ કરેલ છે.

(૧૭) આ કામે આરોપી તરફે એક બચાવ એવો ઉઠાવવામા આવેલ છેકે,ફરીયાદીએ આરોપી પાસેથી આ ચેક મેળવેલ નથી. આ ચેક ફરીયાદીએ પોતાની ઉલટતપાસમા સ્વીકારેલ છેકે, તેમના મીત્ર પાસેથી મેળવેલ છે આમ આ ચેક આરોપીએ ખોટી રીતે વટાવેલ છે. આ બાબતે કાયદાકીય જોગવાઈ જોવામા આવે તો , આરોપીએ ચેકમાના સહી ની ઈન્કારી કોઈપણ જગાએ કરેલ નથી અને જયારે ચેક નુ યોગ્ય એકજીકયુશન થયેલાનુ સાબીત થાય તયારે પ્રાથમીક તમામ પ્રીજમશનો ફરીયાદીની તરફેણમા હોય છે જેનુ ખંડન કયાય પણ આરોપીએ કરેલ નથી.

આ હેતુસર **નામદાર સુપ્રિમ અદાલતનો એક ચુકાદો Aps Forex Services Pvt.Ltd Vs Shakti International Fashion Linkers AIR** 2021 **SC** 2814 નો ચુકાદો જોવામાં આવે તો તેમાં એવુ ઠરાવેલ છે કે "Once the issuance of cheque has been admitted and even signature on cheque has been admitted,

there is always a presumption in favour of complainant that there exists legally enforceable debt or liability. Thereafter it is for the accused to rebut such presumption by leading evidence." આમ હાલના કેસ માં ચેક ઈસ્યુ કરેલાનું પુરવા થાય છે અને ચેકમાંની સહી આરોપીએ કબુલ મંજુર રાખેલ છે. જેથી એવુ અનુમાન કરવુ પડે કે કાયદેસરનું લેણું છે. આરોપીએ સદર અનુમાનનું ખંડન કરેલ નથી.આ હેતુસર કલમ ૧૩૮ અનવ્યેના અનુમાનો જોવામા આવે તો સ્પષ્ટ છે કે, જયારે આરોપી કોઈ ચેક સહી કરીને કોઈ વ્યકતીને આપતા હોય તો તે કાયદેસર ના લેણા પેટે આપેલ હોય તેવુ જ અનુમાન કોર્ટે કરવાનુ હોય છે. અને તેનો ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી ચેક આપનાર પર હોય છે અને આવો કહેવાતો કોઈ બચાવ આરોપી એ આ કામે રજુ કરેલ નથી.આમ જયારે સહી થયેલ ચેક કોઈના કબ્જામા હોય તયારે તે કાયદેસર ના લેણા પેટે જ આપેલ હોવાનુ પ્ર ાથમીક અનુમાન કોર્ટે કરવાનુ રહે છે અને તેનો ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી જે તે ચેક આપનાર વ્યકતી પર રહે છે.નામદાર સુપ્રિમ અદાલતના રંગપ્પપા વી. શ્રી મોહન ના કેસ મુજબ આરોપી ફરીયાદીનો પુરાવો વીશ્વસનીય રીતે રીબર્ટ ના કરે તયા સુધી આ ચેક કાયદેસરના જવાબદારી ના દેવાપેટે આપેલ છે તેમ જ માનવાનુ રહે છે. વધુમા આ બંને ચેકોનો ઉલ્લેખ આંક–૬ના કબુલાત નામામા કરવામા આવેલ છે જેના વીશેનો કોઈ બચાવ આરોપી ફરીયાદીની ઉલટતપાસ થકી લાવી શકેલ નથી .આમ આ ચેક લીધેલ નાણાની ચુકવણી પેટે હોવાનુ સાબીત થાય છે.

(૧૮) આ કામે આરોપી તરફે બીજો બચાવ એવો લેવામા આવેલ છેકે , આ કામના ફરીયાદીએ ચેક અન્ય કોઈ પાસેથી મેળવેલ હોય, ચેક ની કોઈ પણ વીગતો જેવી કે,"આરોપીએ કઈ શાખાના કઈ તારીખ ના કયા નંબરોના ચેક આપેલા તે તેઓને યાદ નથી. તેમજ ચેક કઈ તારીખે વટાવવા ગયેલા તે યાદ નથી , ચેક કઈ તારીખે કયા શેરા સાથે પરત ફરેલા તે યાદ નથી, નોટીસ કયારે તૈયાર કરેલી, કયારે બજેલી જેવી કોઈજ વીગતો યાદ નથી. આમ ચેકના વ્યવહારોમા ફરીયાદી પોતાની લેણી રકમ ના ચેક બાબતે કઈ જ જાણતો ના હોય તેવુ માની શકાય નહી. આમ કોઈને સાચવવા આપેલ ચેક ફરીયાદીએ વટાવવા નાખેલ હોવાનુ સાબીત થાય છે.

આ બચાવ અંગે જોવામા આવે તો અહી જે કઈ મહત્વનુ છે તે પ્રાથમીક અનુમાનો નુ ખંડન થાય તેવો પ્રોબબેલ ડીફેન્સ આરોપી લાવેલ છેકે કેમ તે જોવાનુ હોય છે.ફરીયાદીની હકકીતો પ્રત્યે શંકા ઉદભવે તેટલો પુરાવો પણ જો આરોપી ફરીયાદીની ઉલટતપાસ થકી લાવી શકે તો આરોપીએ જાતે સાક્ષીના પીંજરામા પોતાને ચકાસવાની પણ જરુર નથી. પરંતુ માત્ર જુબાની દરમયાન ચોકકસ તારીખ સમય યાદ ના હોવાથી ફરીયાદ હકીકત ખોટી તેવુ માત્ર મૌખીક કથનના આધારે માની શકાય નહી. જયારે ફરીયાદી ચેક ની અન્ય વીગતોની ઈન્કારી કરતા હોય, આરોપીના પોતાના પર્સનલ ખાતાનો ચેક ફરીયાદી પાસે થી આવેલ ફીરયાદીના કબ્જામાથી રજુ થતો હોય, ત્યારે આવા પ્રશ્નો નો જવાબ ના હોવાથી કે ચોકકસ માહીતીના હોવાથી માત્ર પ્ર ોબેબલ ડીફેન્સ માની શકાય નહી. વધુમા જયારે સને ૨૦૨૦ મા થયેલ નાણાકીય વ્યવહારો ની જુબાની સને ૨૦૨૪ મા આવતી હોય તયારે તમામ વીગતો અક્ષરક્ષ યાદ હોવાનુ જરુરી માની શકાય નહી. નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ ના કેસો તળે જે કઈ મહત્વનો બચાવ છે તે ચેક અંગે તથા નાણા અંગે શકાં જન્માવે તેવા અને તેટલા બચાવ કે જે પ્રાથમીક પ્રિજમશનનુ ખંડન કરે તેવા હોવા જોઈએ.બચાવપક્ષ ધ્વારા આ કામે ફરીયાદીની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલી છે પરંતુ ઉલટતપાસ દરમીયાન આરોપી પર રહેલ કલમ ૧૩૯ મુજબનો ખંડન કરવાનો બોજો આરોપી વહન કરી શકેલા નથી.આ ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો એ હકીકત માની શકાય છે કે, ફરીયાદી અને આરોપી વચ્ચે સંબંધો રહેલા છે.વિવાદી ચેકમાં આરોપીની સહી પણ પુરવાર થાય છે.આમ એ રીતે ચેક ઈસ્યુ થયાનુ પુરવાર થતુ હોય અન્ય જરુરી માહીતીના અભાવના કારણે ચેક ઈસ્યુ જ થયેલ નથી એમ માની શકાય નહી.આ હેતુસર નામદાર સુપ્રિમ અદાલતનો ક્રીષ્ના જનાર્દન ભટટ નો કેસ માનસહ વંચાણે લેવામા આવે તો તેમા નામદાર અદાલતે ઠરાવેલ છેકે, held that drawing presumption is mandatory and accused is required to prove and rebut the said presumption by showing that there is no legally enforceable debt. આમ અહી આ બચાવ પણ ટકવાપાત્ર જણાતો નથી.

(૧૯) આ કામે આરોપી તરફે એક બચાવ એવો પણ ઉઠાવવામા આવેલ છે કે, ફરીયાદીએ પોતે આ નાણા આટલી મોટી રકમ હાથઉછીની આપેલાનુ કહે છે પણ પોતાનો પગાર માત્ર પાત્રીસ હજાર હોવા નુ તેમજ આ નાણા પોતાના એકલાના નહી હોવાનુ ઉલટતપાસમા સ્વીકારેલ છે. જયારે ફરીયાદમા આવી કોઈ હકીકત કે નાણા પાલનપુર મા અપાયેલ તથા એકલા એજ નાણા આપેલાનુ જણાવેલ છે આમ ફરીયાદીની હકીકતો શંકા સ્પદ જણાય આવે છે. વધુમા આ નાણા અંગેની કોઈ વીગત ઈન્કમટેકસમા જણાવેલી નથી .આમ આ નાણા વ્યવહાર જ કાયદેસરનો ના હોય,વધુમા આ ફરીયાદીને ઉલટતપાસમા આવા મહત્વ ના પ્રશ્નો પુછયા બાદ પણ ફરીયાદીએ બેંક ના કે ઈન્કમટેકસ રીર્ટન ના કોઈ દસ્તાવેજ રજુ કરેલ ના હોય, આ નાણા ધીરેલ હોય તેવો કોઈ વેલીડ પુરાવો જ ફરીયાદી પાસે ના હોય ખરી વીગતે ફરીયાદી ની આ નાણા ધીરવાની કોઈ કેપેસીટી જ ના હોય,આ રીતે પોતે પોતાનો બચાવ સાબીત કરેલ હોય ફરીયાદ રદ થવા પાત્ર છે.

આરોપીના આ બચાવ ની બાબતમા રેકર્ડ પરની સ્થીતી જોવામા આવે તો ફરીયાદીએ આંક– ૬ થી નોટરી રુબરુ કરવામા આવેલ કબુલાતનામુ રજુ કરેલ છે તે કબુલાતનામા મા આ રકમ કઈ રીતે આપવામા આવેલ છે અને તેની સામે તકરારી ચેક ઈસ્યુ કરવામા આવેલાની વીગત છે. આમ આરોપી આ કબુલાતનામા પ્રત્યે તદન મૌન રહેલ છે. અને ફરીયાદીએ પોતાની ઉલટમા પુછાયેલ આ કબુલાતનામા થયેલ જ નથી તેવા વીરોધના સવાલો ની તદન ઈન્કારી કરેલ છે. અને ફરીયાદી ની કમાણી પર ફરીયાદીનો પરીવાર નભે છે તેવા પ્રશ્નનો જવાબ પણ ઈનકાર કરેલ હોય, આ ઉઠાવેલ હકીકતો જયારે ફરીયાદી દ્વારા ઈન્કાર કરાતો હોય અને પ્રથમીક પ્રિઝમશન ફરીયફાદીની તરફેણમા હોય તયારે આરોપી તરફે આ હકીકતો પુરવાર કરવાન બોજો શીફટ થાય છે. જે અહી આરોપી માત્ર મૌખીક દલીલો ના આધારે જ રહેલ છે. પોતાના પક્ષે વીસ્તૃત ઉલટતપાસ કરેલ હોવા છતા આવા કોઈ મહત્વના બચાવ આરોપી ઉઠાવી શકેલ નથી.આમ ફરીયાદીની ઈન્કારી બાદ પોતાની હકીકતો સાબીત કરવાનો બોજો આરોપી પર શીફટ થતો હોય, ત્યારે અને તેવા સંજોગોમા માત્ર મૌખીક આક્ષેપો ઉઠાવવાથી કલમ ૧૩૮ ની ફરીયાદમા પ્રોબેબલ ડીફેન્સ માની શકાય નહી. જો આરોપી આવુ પુરવાર કરવા ઈચ્છતા હોય તો તેમણે સચોટ –સબળ પુરાવાઓ રજુ કરવા જોઈએ અને તેમાની હકીકતો સાહેદ

ને બતાવતા જઈ તેની હકીકતો નો સ્વીકાર કે ઈન્કાર કરાવવો જોઈએ.જે અહી આરોપીએ કરેલ નથી. આમ એકપણ રીતે આ આરોપીનો બચાવ ટકવાપાત્ર જણાતો નથી.

આ હેતુસર નામદાર સુપ્રિમ અદાલતના નામદાર જસ્ટીસ શ્રી શુંધાસુ ધુલીયા સાહેબ તથા નામદાર જસ્ટીસ શ્રી અમાનુલ્લાહ સાહેબ નુ અશોકસીંહ વી. સ્ટેટ ઓફ ઉતરપ્રદેશ નુ તારીખ ૨.૪.૨૫ નુ જજમેન્ટ માનસહ વંચાણે લેવામા આવે તો તેમા નામદાર સુપ્રિમ અદાલતે નોંધેલ છે કે, The onus is not on the complainant at the CRIMINAL APPEAL NO.4171 OF 202 4 Page 17 of 22 18 threshold to prove his capacity/financial wherewithal to make the payment in discharge of which the cheque is alleged to have been issued in his favour. Only if an objection is raised that the complainant was not in a financial position to pay the amount so claimed by him to have been given as a loan to the accused, only then the complainant would have to bring before the Court cogent material to indicate that he had the financial capacity and had actually advanced the amount in question by way of loan.

આ કેસમા નામદાર કોર્ટે પારા ૨૨ મા બીજો એક ચુકાદો M/s S. S. Production v. Tr. Pavithran Prasanth, 2024 INSC 1059, 8F\STF GM\W[, K[S[4we opined: '8. From the order impugned, it is clear that though the contention of the petitioners was that the said amounts were given for producing a film and were not by way of return of any loan taken, which may have been a probable defence for the petitioners in the case, but

rightly, the High Court has taken the view that evidence had to be adduced on this point which has not been done by the petitioners. Pausing here, the Court would only comment that the reasoning of the High Court as well as the First Appellate Court and Trial Court on this issue is sound. **Just by taking a counter–stand to raise a probable defence would not shift the onus on the complainant in such a case for the plea of defence has to be buttressed by evidence, either oral or documentary, which in the present cases, has not been done. Moreover, even if it is presumed that the complainant had not proved the source of the money given to the petitioners by way of loan by producing statement of accounts and/or Income Tax Returns, the same ipso facto, would not negate such claim for the reason that the cheques having being issued and signed by the petitioners has not been denied,** and no evidence has been led to show that the respondent lacked capacity to provide the amount(s) in question.

In this regard, we may make profitable reference to the decision in **Tedhi Singh v Narayan Dass Mahant,** (2022) 6 **SCC** 735: '10. The trial court and the first

appellate court have noted that in the case under Section 138 of the NI Act the complainant need not show in the first instance that he had the capacity. **The proceedings under Section 138 of the NI Act is not a civil suit**. **At the time, when the complainant gives his evidence, unless a case is set up in the reply notice to the statutory notice sent, that the complainant did not have the wherewithal, it cannot be expected of the complainant to initially lead evidence to show that he had the financial capacity**. To that extent, the courts in our view were right in holding on those lines. However, the accused has the right to demonstrate that the complainant in a particular case did not have the capacity and therefore, the case of the accused is acceptable which he can do by producing independent materials, namely, by examining his witnesses and producing documents. It is also open to him to establish the very same aspect by pointing to the materials produced by the complainant himself. He can further, **more importantly, achieve this result through the crossexamination of the witnesses of the complainant**. **Ultimately, it becomes the duty of the courts to consider carefully and**

**appreciate the totality of the evidence and then come to a conclusion whether in the given case,** the accused has shown that the case of the complainant is in peril for the reason that the accused has established a probable defence.'

આમ ઉપરોકત ચુકાદાઓમા પ્રસ્થાપીત સીધ્ધાતો ને જોતા, આ અદાલતને ચુસ્તપણે બંધનકર્તા હોય તથા આવો બચાવ આરોપી તરફે માત્ર દલીલ દરમયાન ઉઠાવવામા આવેલ છે. આરોપી તરફે પુછાયેલ પ્રશ્નના જવાબમા આ ફરીયાદીની આવક ની પર તેમનો પરીવાર નભતો હોવાની ઈન્કારી કરેલ હોય, લેખીતમા કબુલાતનામુ હોય, ચેક આરોપીના પર્સનલ ખાતા નો હોય, તથા આવો કોઈ બચાવ લેખીતમા ઉઠાવવામા આવેલ ના હોય, આ બચાવ ટકવાપાત્ર જણાતવો નથી.

(૨૦) આ કામે આરોપી તરફે પોતાના તરફે સાહેદ તરીકે આ કબુલાતનામા મા સાહેદ તરીકે જણાવેલ શાહરુખ ખાન જામીનખાન ને આંક–૫૦ થીચકાસેલ છે આ સાહેદે તેમની હાજરીમા કોઈ પૈસા આપેલ હોય કે આ ફરીયાદી વીશાલ પ્રજાપતી ને કદી મળેલ હોય કે તેવો આ ઈકરારાનામા મા સાક્ષી રહેલ હોય તેવુ બનેલ નથી તેવી જુબાની આપેલ છે.આ સાહેદની ઉલટતપાસમા આ સાહેદે આ સહી તેમની નથી તેવો પુરાવો આપેલ છે જો કે આ સાહેદે કે આ આરોપીએ કયાય પણ આ ખોટી સહી કરયા બાબતે કોઈ ફરીયાદ કોઈ પોલીસ સ્ટેશનમા કે અન્ય જગાએ નોંધાવેલ હોય તેવી કોઈ રજુઆત કરેલ નથી. વધુમા આ કબુલાતનામુ નોટરી રુબરુ નોંધાયેલ દસ્તાવેજ હોય, તેનુ ખંડન માત્ર સાહેદની ઈન્કારી થી થઈ શકે નહી. વધુમા આરોપીએ આ કબુલાતનામા અં ગે પુછેલ પ્રશ્નોની ઈન્કારી ફરીયાદી તરફે થયેલ હોય, આ કબુલાતનામુ પુરવાર થાય છે. વધુમા એક વાર માની પણ લેવા મા આવે કે આવો કોઈ લેખીત કરાર થયેલ નથી તો પણ ફરીયાદીના કાયદેસરના કબ્જામા થી આરોપીની સહી યુકત ચેક રજુ થતો હોય, તે ચેક અંગેના કોઈ પ્રોબેબલ ડીફેન્સ આરોપી જણાવી શકેલ ના હોય, આ રીતે માત્ર કબુલાતનામુ પુરવાર ના થાય તો ચેક પણ આપેલ ના હતો તેમ માની શકાય નહી. આમ આ બચાવપણ ટકવાપાત્ર જણાતો નથી. ચેક તથા કબુલાત નામા અંગે તક હોવા છતા આરોપીએ આવો કોઈ વાંધો

ડીમાન્ડ નોટીસના પ્રત્યુતર મા પણ રજુ કરેલ નથી. આમ આ સાહેદની જુબાની વીશ્વસનીયતા ધરાવતી કહી શકાય નહી.

(૨૧) આમ આરોપીનો ઉપરોકત તમામ બચાવો માનવાપાત્ર જણાઈ આવતા નથી. ઉપરોકત પુરાવો જોતા આરોપીએ હાલની ફરીયાદ વાળો ચેક કાયદેસરના લેણા પેટે આપેલ હોવા બાબતે શંકા પ્રેરે તેઓ પુરાવો આપેલ ન હોવાનુ જણાઈ આવે છે અને આરોપીનો સદર ડીફેન્સ પ્રોબેબલ હોવાનું જણાઈ આવતુ નથી.

(૨૨) આમ ઉપરોકત પુરાવા પરથી એ હકીકત સાબિત થાય છે કે ફરીયાદીએ આરોપીને આપેલ નાણાંની પરત ચુકવણી પેટે આરોપીએ તકરારી ચેક ઈસ્યુ કરવામાં આવેલ હોવાનું પણ પુરવાર થાય છે. જયારે આરોપીએ તરફેના સમગ્ર પુરાવો જોવામાં આવે તો ફરીયાદીના સદર પુરાવા પર શંકા ઉત્પન્ન થાય તેવો કોઈ માનવા લાયક પુરાવો રજુ કરેલ નથી.

(૨૩) ઉપરોકત તમામ હકીકતો નજરે લેતાં અને હાથ પરના કેસમાં પડેલા તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, ચેકની રકમનું ફરીયાદીનુ કાયદેસરનું લ્હેણુ આરોપી પાસે બાકી પડતું હોવાનું અને તેના બદલામાં તકરારી ચેક ઈસ્યુ કરેલ હોવાનું અને તે ચેકો બેન્કમાં ભરતાં રીટર્ન થયેલ હોઈ નિયત સમયમાં નોટીસ આપેલ હોવાનું અને ફરીયાદીએ ત્યારબાદ નિયત સમયમાં ફરીયાદ દાખલ કરેલી હોઈ, ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર કરી શકેલ હોવાનું ફલિત થતું હોઈ મુદ્દા નં–૧ નો નિર્ણય હકારાત્મકમાં ઠરાવવામાં આવે છે અને આરોપી ને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨૪) આરોપીઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ : ૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને ન્યાયને ખાતર આરોપીને સજાના પ્રમાણ બાબતે સાંભળવા ઉપર કેસ મુલતવી રાખવામા આવે છે.

| | |
|---|---|
| **તારીખ :– ૧૫/૦૭/૨૦૨૫**<br>**સ્થળ :– ગાંધીનગર** | **(એફ.એન.સોલંકી)**<br>**ત્રીજા એડી. સીવીલ જજ અને જે.એમ.એફ.સી.**<br>**ગાંધીનગર.** |

J.M.F.C., 3rd court,
GANDHINAGAR

સજા અંગે સાંભળ્યા

**(૨૫)** **હાલના કામે ફરીયાદી તથા તેમના વિ.વ.શ્રી હાજર છે. આરોપી તથા તેમના વિ.વ.શ્રી હાજર છે. બંને પક્ષોના વિધ્વાન વકીલ શ્રીઓને સજા અંગે સાંભળ્યા.**

**(૨૬)** **ફરીયાદી તરફે વિ.વ.શ્રીની એવી રજુઆત છે કે, હાલના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. હાલના સમયમાં ચેકો રીર્ટન થવાના કિસ્સા વધી રહેલ છે. સમાજમાં દાખલો બેસાડવો જરૂરી બની જાય છે. જેથી આરોપીને કાયદા મુજબની મહતમ સજા કરવી જોઈએ અને વળતર અપાવવો જોઈએ.**

**(૨૭)** **આ અદાલતમાં આરોપી તરફે વિ.વ.શ્રીની એવી રજુઆત છે કે, હાલના યુગમાં કોઈપણ વ્યકિત, કોઈ પણ ભોગે મોટી રકમ મેળવવા કે માલસામાન ખરીદતી વખતે કે ઉછીના નાણાં લેતી વખતે તે સામે ખોટા ચેકો લખી આપી, ઘણી વાર કોરા ચેકો આપતા હોવાના કીસ્સા વધી રહેલ છે. રકમ કે માલસામાન કે હાથ ઉછીની રકમ મેળવ્યા બાદ તે રકમ અથવા માલ સામાનનું મુલ્ય પરત કરતા નથી અને નાણાંા ન ચૂકવવા પડે તે માટે કાયદાનું ખોટુ અર્થઘટન કરી, તેનો દુરપયોગ કરતાં રહે છે. રકમ પરત કરતા નથી અને ચેકો વગર સ્વીકારયે પરત થતાં રહે છે તે ખૂબ ગંભીર બાબત ગણાય અને આવા ગુન્હાઓ દિનપ્રતીદીન વધી રહયા છે. જેના ઉપર અંકુશ રાખવો જરૂરી છે. સામાન્ય રીતે સજાની માત્રા કેવી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલત તથા નામદાર સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચૂકાદાઓ ઉપલબ્ધ છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટમાં સદરહુ જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળ લેજીસ્લેચરનો હેતુ બેન્કનું કામકાજ તેના નિયમોનુસાર અને કોઈપણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલતું રહે તે માટેનું છે. આ કામે આરોપીએ ફરીયાદી પાસેથી નાણા ઉછીના લઈ તે પેટેની રકમ ચુકવવા**

તેમની સહી વાળો ચેક ફરીયાદીને આપેલ છે જે ચેક "ફંડ ઈનસફીસીયન્ટ"ના શેરાથી વગર સ્વીકારયે પરત ફરેલ છે. નોટીસ આપ્યા બાદ પણ નાણા પરત કરેલ નથી. લાંબો સમય કેસ ચાલતા દરમ્યાન પણ કાયદેસરના લેણાના નાણા પરત કરવા કોઈ રકમ પરત કરેલ નથી. કાયદા પાછળનો હેતુ તથા આરોપીની વર્તણુક લક્ષમાં રાખતા, આરોપી પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે, લોકોનો રોજ રોજની નાણાંકીય વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસપણે સજા કરવી જોઈએ તેમ આ અદાલતનું માનવું છે. કારણ કે, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર કાયદો ઘડવા પાછળનો લેજીસ્લેચરનો ઈરાદો કાયદાને અસરકારક બનાવવાની મુખ્ય ફરજો અદાલતોની છે અને જો તે મુજબ ન કરવામાં આવે તો લોકોનો રોજબરોજની નાણાંકીય લેવડ–દેવડની વ્યવસ્થામાંથી વિશ્વાસ ઉઠી જશે, લોકો ચેકોનો બેફામ દુરઉપયોગ કરતાં અચકાશે નહી જેના કારણે ભારતીય અર્થતંત્ર કે જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકસાન થાય તેમ છે.

**(૨૮)** હાલના કેસની હકકીતો અને સંજોગો લક્ષમાં લઈએ તો, આરોપી પોતે ઠરેલ વ્યકિત છે. ઉછીના લીધેલ નાણા પરત કરવાની અને આર્થીક મદદ માટે લીધેલ નાણા સમયસર પરત કરવાની અને દરેક વ્યકતીને રહેલ નાણાની જરુરીયાત આ તમામ બાબતોની ગંભીરતા તેમને ખ્યાલ હોવી જોઈએ. અને બેલેન્સ ન હોવા છતા ખોટો ચેક આપવાનો ઈરાદો આરોપી એ પહેલેથી જ સેવેલ હોવાનુ જણાય છે. આમ આરોપીની દાનત, રકમ ફરીયાદીને પરત નહીં આપવાનું જણાય છે. આરોપીની વર્તણૂકને લક્ષે રાખી, તેને પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય જણાતો નથી. તે ઉપરાંત આ અદાલતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ ૧ ૩૮ માં જણાવેલ સજાની જોગવાઈઓ પણ લક્ષે લીધેલ છે. [138. **Dishonour of cheque for insufficiency, etc., of funds in the account**. —Where any cheque drawn by a person on an account maintained by him with

a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, **be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both**.

ફરીયાદી તરફે વળતરની રજુઆત લક્ષે લીધી. આ અદાલતે **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૭(૧) જી.એલ.એચ.પાના નં. ૨૨૫ શંકરલાલ એન્ડ પરમાર વિરૂધ્ધ દિનેશ બાબુલાલ બોરીયાવાળા** વિગેરેના ચૂકાદાની હકીકતો લક્ષમાં લીધેલ છે, જેમાં સજા કરતી વખતે દંડ ચૂકવવાનો આદેશ દૂર કરેલ હતો, પરંતુ વળતર ચૂકવવાનો આદેશ યથાવત રાખવામાં આવેલ હતો તે ચૂકાદા અનુસાર આરોપીને દંડ અને વળતર ચૂકવવાનો હુકમ એક સાથે ન કરી શકાય, તે હકીકત આ અદાલતે લક્ષે લીધેલ છે. અને તેથી આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા આંક –૧૫ વાળો ચેક આપેલ હોવાની ફલીત થતી હકીકત ધ્યાને રાખી તથા **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૪ (૨) જી.એલ.એચ. પાના નંબર – ૨૯, આર.સી. મહેતા વિરૂધ્ધ ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની લી.**ના ચુકાદામાં જણાવેલ હકીકતે ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ કરવાના ધારાસભાના આશય ધ્યાને રાખી તથા ક્રિમીનલ પ્ર

ોસીજર કોડની કલમ–૨૯(૨) ની જોગવાઈ ધ્યાને લઈને આ અદાલત મુદ્દા નં. ૪ અન્વયે નીચે મુજબનો "આખરી હુકમ" કરે છે.

**–:: આખરી હુકમ ::–**

૧) આ કામના આરોપી મસરુરઅલી નીયાઝઅલી મુસલમાન, ધંધો–વેપાર, ઠેકાણું –મહોલ્લોનો વાસ, શીવગંજ, તાલુકા–શિવગંજ, જીલ્લો–શિરોહી, રાજસ્થાન. વાળાનાઓને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના સજાને પાત્ર ગુન્હા મા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સદર ગુનામાં આરોપીને એક (૧) વર્ષની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

૨) ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭(૩) મુજબ ફરીયાદવાળા ચેકની રકમે રૂા. ૫,૬૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ સાઈઠ હજાર પુરા) આરોપીએ ફરીયાદીને વળતર પેટે આ હુકમ તારીખથી એક માસની અંદર ચુકવી આપવી. જો આરોપી વળતરની રકમ હુકમ તારીખથી એક માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

૩) આ કામના આરોપીએ જે સજા ભોગવેલ હોય તો, સી.આર.પી.સી.ની કલમ–૪૨૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

૪) આ હુકમની ખરી નકલ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૩(૧) અન્વયે આરોપીને તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

આ હુકમ આજરોજ તા. ૧૫ થી, માહે– જુલાઈ, સને –૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, તેઓની સહી કરી, જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ :– ૧૫/૦૭/૨૦૨૫<br>સ્થળ :– ગાંધીનગર | (એફ.એન.સોલંકી)<br>ત્રીજા એડી. સીવીલ જજ અને જે.એમ.એફ.સી.<br>ગાંધીનગર. |

J.M.F.C., 3rd court,
GANDHINAGAR

| | |
|---|---|
| | |

ફરીયાદીની આર્થીક સ્થીતી નહોતી પણ પૈસા પુરા પોતાના નહોતા એમ સ્વીકારે છે પાલનપુર આપેલ ના વીગ જણાવેલ નથી. પરંતુ ચેક ફરીયાદીના વેલીડ કબ્જામા થી મળેલ છે જયા સુધી વેલીડ બચાવના ઉઠાવવામા આવે તયા સુધી માત્ર બચાવ લેવાથી સધ્ધ્રતા નથી તેમ ના માની શાકય

આરોપીએ સાહેદ ચકાસેલ છે. પણ તેણે સમગ્ર સોંગદનામા મા સહી ના હોવાની કોઈ હકકીત જણાવેલ નથી. આરોપી તરફે આવી સહી બોગસ કરયા બાબતનો કોઈ ફરીયાદ કરેલ નથી.વધુમા આવો કોઈ બચાવ ફરીયાદીની ઉલટતપાસમા ઉઠાવેલ નથી

ઈન્કમ ટેકસમા આ જણાવેલ નથી. જરુરી